કરી હૃદયપૂર્વક ભકિત કરશો અને મે જે નવીન દરીયા સ્થાન બનાવ્યુ છે એના પુજારી તરીકે ભક્ત પુંગરની નિમણુંક કરી છે એમના ઉત્તરોત્તર વંશજો 'પુજારા' તરીકે ઓળખાશે અને એમના પ્રત્યે ગુરૂભાવ રાખી તમે તમારા ક્ષત્રિય ધર્મનું પાલન કરજો અને સૌના કલ્યાણનાં સાધન તરીકે દરીયા સ્થાન બંધાવી તેમાં સર્વજનો ઉપસ્થિત રહી કથાકિર્તનનું અમૃતપાન કરજો તેવો અમારો સુભાશિષ છે. આમ કહી લાલ ઉદેરાયએ પોતાનાં અંતિમ પ્રયાણની તૈયારી કરી તેઓ વિરાચીત વેશમાં અશ્વ ઉપર આરૂઢ થઇ ચાલી નીકળ્યા.

ચાલતાં-ચાલતાં જહેજો નામના સ્થળે પહોંચ્યા. આ સ્થળ જતની માલિકીનું હતું. (જત સિંધમાં એક મુસ્લિમ કોમ છે) અને ઉદેરાયએ જત પાસે થોડીક જગ્યાની માંગણી કરી. જતે વિનમ્રતાથી સંતનાં દર્શન કરી જોઇએ તેટલી જગ્યા આપવા ઉદારતા દર્શાવી પણ લાલ ઉદેરાયએ કહ્યુ કે, મારે તો ફક્ત આ માટીને સમાવવા માટે પાંચ ફુટ જગ્યા જોઇએ છે અને લાલ ઉદેરાય જ્યાં ઉભા હતા તે જગ્યા ખોદવા જણાવતાં એ જગ્યાનું ખોદકામ કરતાં ત્યાંથી ધનનાં ચરૂ મળી આવ્યા. આ નિહાળી જત આશ્ચર્ય પામ્યો અને તેમણે પત્નિને આ વાત જણાવી ત્યારે તેમની પત્નિ મનોમન જાણી ગઇ કે, આ કોઇ ઓલીયા પુરૂષ છે આથી બંને પતિ-પત્નિએ લાલ ઉદેરાયને નમન કરતા કહ્યુ કે, હે સાંઇ ! અમારે સઘળી ધન-દૌલત નથી જોઇતી. અમે તો માત્ર મુંજાવર તરીકે રહી આપની ચાકરી કરવા માંગીએ છીએ. ત્યારે લાલ ઉદેરાયએ બંનેને કહ્યુ કે, ધન્ય છે તમને, અને લાલ ઉદેરાયએ એ જગ્યામાં પોતાના હાથમાં રહેલો નેજો જમીનમાં ખોડી દીધો અને ત્યાં તેઓ સમાઇ ગયા અને તેમણે તે સમયે અહેલે-રજા જતને કહ્યુ કે, આ સ્થાનનું મહત્વ વધશે અને ધન-દૌલત તમારી દાસી બનશે. આમ કહી, લાલ ઉદેરાયએ સમાધિ અવસ્થામાં પ્રાણનો ત્યાગ કર્યો. આ સમાચાર મળતાવેંત લાલ ઉદેરાયએ જ્યાં સમાધી લીધી હતી ત્યાં ભક્ત પુંગર અને તેમના શિષ્યો અને બાદશાહ મરખ શાહે મોકલેલ વજીર આહા તુરંત દોડી આવ્યા અને આ સ્થળે વજીર આહા અને લાલ ઉદેરાયના શિષ્યો તેમજ પુંગર વચ્ચે લાલ ઉદેરાયની ભવ્ય સમાધિ બનાવી કે પીરોના પીરને છાજે તેવી તુરબત (નવો કુબો) બનાવવી તેવો મીઠો વાદ-વિવાદ થયો ત્યારે આકાશવાણી દ્વારા લાલ ઉદેરાયએ જણાવ્યું કે, હે ભક્તો મારે મન હિન્દુ-મુસલમાન બંને સરખા અને સમાન હોય અને આ બંને કોમ વચ્ચે એક જ તત્વની મે વાત કરેલ હોય કોઇ વાદ-વિવાદ ન કરતાં સુલેહ અને સાથ-સહકારથી વર્તજો. આમ થતાં, ફલસ્વરૂપ હિન્દુ-મુસ્લિમ વચ્ચે સમાધાન થતાં બાદશાહે ત્યાં તુરબત બનાવી અને હિન્દુ વિધી પ્રમાણે તેમાં અખંડ જ્યોતની સ્થાપના કરવી તેવું નક્કી થતાં બાદશાહ મરખ શાહે ત્યાં કુબો બનાવ્યો અને હજારો હિન્દુ-મુસ્લિમોની હાજરીમાં 'જહેજા'નામના સ્થળે અખંડ જ્યોતિની સ્થાપના થઇ અને લાલ ઉદેરાય તે દિવસથી 'અમરલાલ' તરીકે ઓળખાયાં અને આ અખંડ જ્યોતની પૂજા માટે પુંગર દ્વારા એક પુજારી નિમવામાં આવ્યો અને બાદશાહ તરફથી કુબાની સેવા માટે જત દંપત્તિ મુંજાવર તરીકે રહ્યા.દર ચૈત્ર સુદ બીજનાં દિવસે આ ધાર્મિક સ્થળે મોટો મેળો ભરાવા લાગ્યો અને દરીયાલાલના જન્મદિવસે આ મેળામાં હિન્દુ-મુસ્લિમ સમાજનાં ભક્તજનો - બિરાદરો બહોળી સંખ્યામાં ઉમટી પડતાં અને ત્યારે પ્રસાદ તરીકે મીઠો ભાત વહેંચવામાં આવતો. 'જહેજા' સ્થળ એક સમયે દરીયાલાલના પૂજકો માટે મોટુ તિર્થસ્થાન હતુ.

આ રીતે અમરલાલ ગુજરાતી લોહાણા સમાજમાં દરીયલાલ તરીકે સિંધી સમાજમાં ઝુલેલાલ તરીકે અને મુસ્લિમ સમાજમાં ઝિંદાપીર તરીકે પૂજનીય બન્યા અને સિંધીઓ અને આમ લોહાણા સમાજ હિન્દુ ધર્મનાં પચીસમાં અવતાર તરીકે દરિયાલાલને માને છે. લાલ ઉદેરાય યોગ માર્ગના આરાધક હતા. ગુરૂ ગોરખનાથની પરંપરા મુજબ તેમણે યોગ સાધના કરી મુસ્લિમ ધર્મના નિર્ગુણ, નિરાકાર અને હિન્દુ ધર્મના સગુણ પુજાની માન્યતાને લઇને સગુણ - નિર્ગુણ પરંપરા ઉભી કરી, મૂર્તિપુજાને બદલે જ્યોત ઉપાસના દ્વારા 'ખુદાઇ નુર' ની ઝાંખી કરાવી અને તેમણે વેદો, ઉપનિષદો અને કુર્રાને શરીફનાં સમાન તત્વોની વાત કરી હિન્દુ - મૂસ્લિમ ધર્મ વચ્ચે સમન્વય સાધી કોમી એકતા સ્થાપી.

**॥ જય અમરલાલ...॥ ॥ જય દરીયાલાલ...॥**

## કબિર વિચારધારાનાં પ્રણેતા અને ભાણ સંપ્રદાયના સ્થાપક

# વારાહીનાં સંતકવિ ભાણસાહેબ

કબિર વિચારધારાના પ્રવર્તક અને કબિરના જેમને અંશ કહેવામાં આવતાં હતાં તેવા ભાણ સંપ્રદાયનાં સ્થાપક સંત ભક્તકવિ ભાણસાહેબનો જન્મ ઉત્તર ગુજરાતનાં પાટણ જિલ્લાનાં વારાહી (પ્રાચીન નામ મોટી જતવાડ) ગામે ભગતના નામે પ્રખ્યાત કલ્યાણજીભાઇ ઠક્કરનાં ઘરે માતા અંબાબાઇના કુખે સંવત ૧૭૫૪નાં મહાસુદ એકાદશી (ઇ.સ.૧૬૯૮) ના દિને થયેલ હતો. બાળક ભાણનું બચપણ કનખીલોળમાં વિતેલ હતુ. તેઓ બચપણથી પ્રભુભક્તિમાં તલ્લીન હતાં. દત્ત દિગંબરના અવતાર સ્વરૂપ ગણાતા ભાણનું નામ એક અવધૂતે પાડ્યુ હતુ. આ અવધુતે અંબાબાઇને કહ્યુ હતુ કે, 'આનું નામ ભાણ પાડજો, એ સૂરજની જેમ ચમકશે'

ભાણ સાહેબના પિતા વેપાર અર્થે ચરોત્તરનાં કિનખિલોડમાં રહેતા હતાં અને તેઓ પોતાનાં મૂળ વતન વારાહી આવ્યા ત્યાં વારાહીનાં ઠક્કર મેઘજીભાઇની પુત્રી ભાણબાઇ સાથે ભાણના લગ્ન ઇ.સ. ૧૭૨૪માં થયા હતાં. બંને મળી પ્રભુભક્તિમાં જીવન વ્યતિત કરતાં હતાં અને આત્મત્વમાં લીન થતાં ભાણ સાહેબને પરમ તત્વનો સાક્ષાત્કાર થયેલ હતો અને તેઓ પોતાની આર્ષવાણી દ્વારા એ દર્શનને સહજ સરળ ભાષામાં વ્યક્ત કરતાં હતાં.

સાધુ-સંતોને કોઇ જ્ઞાતિ કે જાતિ હોતી નથી અને તેઓ પોતે પણ નાત-જાતના ભેદભાવ રાખતા નથી. ભાણસાહેબે પોતાના ભાણ સંપ્રદાયમાં અસ્પૃશ્ય ગણાતી જાતિઓને આવકારી હતી. સમાજમાં ઉપેક્ષિત એવા ચોર, ડાકુ, લુંટારાઓને સ્વિકારી તેઓને સન્માર્ગે અને સત્માર્ગે દોર્યા હતા. ભાણ સાહેબ જે ભજનો ગાતા તેમાં પોતાને લોહાણા તરીકે ઓળખાવતા હતાં.

ગુજરાતના મધ્યકાલીન સમયમાં બે પ્રકારનાં સંત-કવિઓ થઇ ગયા. જેમાં સાંપ્રદાયિક અને કોઇપણ સંપ્રદાય સાથે જોડાયેલ ન હોય તેવા સંતકવિ. આ પૈકી સાંપ્રદાયિક સંત કવિઓમાં પણ સૌથી વધુ સંત-કવિઓ જો કોઇ સંપ્રદાયમાં થયા હોય તો તે ભાણસાહેબ સ્થાપિત ભાણ સંપ્રદાયમાં સંત-કવિઓ થયા છે એવા આ સંપ્રદાય ભાણ સંપ્રદાયનાં પ્રણેતા ભાણસાહેબ.

**સૌજન્ય : 'વિશ્વ લોહાણા પરિષદ', તંત્રી : શ્રી બાબુભાઇ કાનાબાર, જૂનાગઢ (ગુજરાત) મો. : ૯૯૨૪૨ ૬૦૧૪૬**